**Extra No. 12**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ] FRIDAY, JANUARY 2, 2026 / PAUSHA 12, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨જી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના તારીખઃ ૩૦મી ઓગસ્ટ, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ જીએમ-૨૦૨૫-૧૬૬-એમ-આરજીએન-૧૦૨૦૨૪-૧૧૧૭૭-એચ.૧.-નો ગુજરાતી અનુવાદ આથી ગુજરાત ગેઝેટ (રાજપત્ર) અસાધારણ, ભાગ-૯માં સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેશ આર. રાઠોડ,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Regarding***

**The Assistant Inspector General of Registration, Class II, in the General State Service, under the Inspector General of Registration in Registration Department, Recruitment (Amendment) Rules, 2025**

**નોંધણી ખાતામાં, નોંધણી મહાનિરીક્ષકની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ નોંધણી મહાનિરીક્ષક, વર્ગ ૨, ભરતી (સુધારા) નિયમો, ૨૦૨૫ સંબંધી**

**જાહેરનામું**

**મહેસૂલ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી ઓગસ્ટ, ૨૦૨૫

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક: જીએમ-૨૦૨૫-૧૬૬-એમ-આરજીએન-૧૦૨૦૨૪-૧૧૧૭૭-એચ.૧:-** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નોંધણી ખાતામાં, નોંધણી મહાનિરીક્ષકની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ નોંધણી મહાનિરીક્ષક, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૬ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો નોંધણી ખાતામાં, નોંધણી મહાનિરીક્ષકની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ નોંધણી મહાનિરીક્ષક, વર્ગ ૨, ભરતી (સુધારા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. નોંધણી ખાતામાં, નોંધણી મહાનિરીક્ષકની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ નોંધણી મહાનિરીક્ષક, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૬ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, "નોંધણી ખાતામાં" એ શબ્દો જ્યાં જ્યાં આવતા હોય, ત્યાં એ શબ્દો કમી કરવા.

૩. સદરહુ નિયમોમાં, "સીધી ભરતીથી" એ શબ્દો જ્યાં જ્યાં આવતા હોય, ત્યાં એ શબ્દોને બદલે, "હેતુ માટે આયોજિત સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે" એ શબ્દો મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૨-માં,-

(૧) ખંડ (ક)માં, "સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે" એ શબ્દોને બદલે, "ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, બઢતી માટે યોગ્ય ગણાવા માટે વિચારણાના ક્ષેત્રની અંદર "સારા" નો આધારચિહ્ન (બેન્ચમાર્ક) ધરાવતી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે" એ શબ્દો, કૌંસ અને આંકડા મૂકવા;

(૨) પેટા-ખંડ (૧)માં, "નોંધણી ખાતામાં" એ શબ્દો કમી કરવા;

(૩) પેટા-ખંડ (૧)ના પરંતુકમાં, "ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા" એ શબ્દો, કૌંસ અને આકડાંને બદલે, "ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અને", એ શબ્દો, કૌંસ અને આકડાં મૂકવા;

(૪) પેટા-ખંડ (૧) પછી, નીચેનો પેટા-ખંડ ઉમેરવો.

"(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા (તાલીમ અને પરીક્ષા) નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરી હોય; અથવા".

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૩માં,-

(૧) ખંડ (ક)ને બદલે, નીચેનો ખંડ મૂકવો.

"(ક) ૩૫ વર્ષથી વધુ ઉમરનો હોવો જોઈશે નહિ;"

(૨) ખંડ (ખ)માં,

(ક) પેટા-ખંડ (૧)ને બદલે, નીચેનો પેટા-ખંડ મૂકવો.

"(૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત માન્ય યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે; અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે: અને";

(ખ) પેટા-ખંડ (૨) કમી કરવો;

(ગ) પેટા-ખંડ (૪)માં, "હિન્દી" એ શબ્દ પછી, "અથવા તે બન્ને" એ શબ્દો ઉમેરવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**પ્રેરક જે. પટેલ,**

સરકારના નાયબ સચિવ.

--------



Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.01.19 10:03:26 IST